# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: નેહલ ઠક્કર

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

**તારીખ : ૧૫-૧૦-૨૦૨૪ મંગળવાર સમય : સાંજે ૬:25 કલાકે**

---

## રાજ્ય સરકાર-ટેક્સટાઈલ પોલીસી:

વિકાસ સપ્તાહની ઉજવણીનાં ભાગરૂપે રાજ્ય સરકારે ગુજરાત ટેક્ષ્ટાઈલ પોલિસી 2024 જાહેર કરી છે.

ગાંધીનગરના મહાત્મા મંદિરમાં આયોજિત ઉદ્યોગ સાહસિકતા દિવસ અવસરે ટેક્સટાઇલ પોલિસી જાહેર કરતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે , ગુજરાતમાં અત્યાર સુધીની ટેકસટાઇલ પોલિસીને કારણે કુલ પાંચ લાખ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીનું સર્જન થયું છે. ગુજરાતમાં 40 ટકા ટેક્સટાઇલનું ઉત્પાદન માનવ ઉત્પાદિત કાપડ માંથી થાય છે. ટેકનિકલ ટેક્સટાઇલનાં ઉત્પાદનમાં ગુજરાત 25 ટકા ફાળો આપે છે.

આ ઉપરાંત, GIDCના 564 કરોડ રૂપિયાનાં ખર્ચે વિવિધ વિકાસ કામોના ઈ-લોકાર્પણ તથા ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા. આ વિવિધ વિકાસ કામો પૈકી 418 કરોડ રૂપિયાના ખર્ચે ઈ-ખાતમુહૂર્ત તેમજ 146 કરોડ રૂપિયાના ખર્ચે ઈ-લોકાર્પણ કરવામાં આવ્યા હતા.

- (RNU અમદાવાદ)

---

## મુખ્યમંત્રી-ફીટ ઇન્ડિયા ફીટ મીડિયા:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, પત્રકારત્વ લોકશાહીનો ચોથો સ્તંભ છે. પત્રકારત્વનો ધર્મ સમાજને જાગૃત કરવાનો છે. પત્રકારો સ્વસ્થ-તંદુરસ્ત હશે તો પત્રકારિતા દ્વારા સમાજને જાગૃત રાખવાનું કામ સારી રીતે કરી શકશે.

પત્રકારોની આરોગ્ય તપાસ માટેના રાજ્યવ્યાપી પ્રોગ્રામ 'ફિટ ઇન્ડિયા - ફીટ મીડિયા' ના અમદાવાદમાં શુભારંભ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું કે, જનતાનો અવાજ બનતા પત્રકારો સતત પરિશ્રમ કરતા હોય છે ત્યારે, તેમની સ્વાસ્થ્ય સુરક્ષા પણ એટલી જ અગત્યની છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી એ પ્રધાનમંત્રી જન ઔષધી કેન્દ્રોમાં મળતી જેનરીક દવાઓની ઉપયોગીતા સમજાવી હતી. પ્રચાર માધ્યમોના સહકારથી જન ઔષધી કેન્દ્રમાં મળતી દવાઓ છેવાડાના માનવી સુધી પહોંચે તેવી અપીલ તેમણે કરી હતી.

- (RNU અમદાવાદ)

---

## કચ્છ-વિકાસ સપ્તાહ:

ગુજરાતની વિકાસ યાત્રાને અવિરત શરૂ રાખી નાગરિક પ્રથમના અભિગમ સાથે લોકાભિમુખ અને સક્રિય શાસનના પગલાના ભાગરૂપે સમગ્ર ગુજરાતમાં વિકાસ સપ્તાહ-૨૦૨૪ની ઉજવણી ચાલી રહી છે. 'વિકાસ સપ્તાહ 'ની ઉજવણીના ભાગરૂપે સમગ્ર કચ્છ જિલ્લામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે ત્યારે , માંડવી ખાતે પદયાત્રા યોજાઈ હતી . જેમાં શાળાના વિદ્યાર્થીઓ અને શહેરીજનો જોડાયા હતા. વિકાસ પદયાત્રા રાવલપીર દીવા દાંડીથી શ્યામજીકૃષ્ણ વર્મા સ્મારક સુધી યોજાઇ હતી. જેમાં ધારાસભ્ય અનિરૂદ્ધ દવે સહીત પદાધિકારીઓ, અધિકારીઓ તથા કર્મયોગીઓ જોડાયા હતા.

- (મા.ખા. ભુજ)

---

## ધોરડો-બેસ્ટ ટુરીઝમ વિલેજ એવોર્ડ:

ઉઝબેકિસ્તાનના સમરકંદ ખાતે યુનાઇટેડ નેશન્સની એજન્સી વર્લ્ડ ટૂરિઝમના ઉપક્રમે યોજાયેલી 'બેસ્ટ ટૂરિઝમ વિલેજ- 2023' એવોર્ડ કાર્યક્રમ દરમિયાન ભારતમાંથી એકમાત્ર ધોરડોને 'બેસ્ટ ટૂરિઝમ વિલેજ 'નો એવોર્ડ અપાયો હતો. ઉલ્લેખનીય છે કે, આ સન્માન એ ગામોને આપવામાં આવે છે જે ગ્રામીણ વિસ્તારોના વિકાસ અને લેન્ડસ્કેપ્સ, સાંસ્કૃતિક વિવિધતા, સ્થાનિક મૂલ્યો અને ખાદ્ય પરંપરાઓના જાળવણીમાં અગ્રેસર છે.

કચ્છના ધોરડોને 'વર્લ્ડ બેસ્ટ ટૂરિઝમ વિલેજ' એવોર્ડ મળવાથી ગુજરાતની ગૌરવ સિદ્ધિમાં વધુ એક સીમાચિહ્ન અંકિત થયું છે. તો, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ ધોરડો ગામને આ ગૌરવ સન્માન મળ્યું તેની પ્રસન્નતા વ્યક્ત કરી હતી. તેઓએ અગાઉ અનેક વખત જાહેરમંચ અને મીડિયા-સોશિયલ મીડિયાના માધ્યમથી ધોરડો ખાતેના સફેદ રણ અને ભુજના સ્મૃતિવનને નિહાળવા સૌ દેશવાસીઓને અનુરોધ પણ કર્યો છે.

- (NP, નેહલ ઠક્કર)

---

## કચ્છ-સ્વચ્છતા હી સેવા:

રાજ્યમાં "સ્વચ્છતા હી સેવા" અભિયાન ૧૭ સપ્ટેમ્બર થી ૩૧મી ઓક્ટોબર એટલે કે સરદાર પટેલ જન્મ જયંતિ સુધી યોજાશે. ત્યારે, જીલ્લામાં શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત જન ભાગીદારીથી સ્વચ્છતા સફાઈનું જન આંદોલન ચાલી રહ્યું છે.

ભુજ, માંડવી, રાપર, ભચાઉ, નખત્રાણા વગેરે નગરપાલિકા દ્વારા ટ્રાફિક ધરાવતા અને કોમર્શિયલ વિસ્તારોમાં રાત્રે સફાઈનો અભિગમ અપનાવીને આ સ્વચ્છતા સફાઈ અભિયાનને

વધુ વેગવંતુ બનાવાયું છે. જયારે ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતા હી સેવા અંતર્ગત સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવી રહ્યું છે. વાંઢીયા, સુવઇ વગેરે ગામના માર્ગો ઉપર ગંદકી અને કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

- (મા.ખા. ભુજ)

---

## કચ્છ-નમો લક્ષ્મી:

રાજ્ય સરકાર દ્વારા કન્યા કેળવણીને પ્રોત્સાહન મળે તે હેતુથી ધો. ૯ થી ૧૨માં અભ્યાસ કરતી કન્યાઓ માટે "નમો લક્ષ્મી" યોજના હેઠળ રૂ. ૫૦ હજારની શિષ્યવૃત્તિ આપાય છે. જયારે ધો. ૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવેલ કુમાર અને કન્યાઓને નમો સરસ્વતી યોજના અંતર્ગત ૨૫ હજાર ની શિષ્યવૃત્તિ અપાય છે. જેઓની જુલાઈથી સપ્ટેમ્બર સુધીના ત્રણ મહિનાના બીજા હપ્તાના ચુકવણા માટે જરૂરી એવી હાજરી વેરિફિકેશનની પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવી છે.

- (NP, નેહલ ઠક્કર)

---

## કમોસમી વરસાદ:

જીલ્લામાં હાલ પડી રહેલા કમોસમી વરસાદથી જનજીવન ઉપર વ્યાપક અસર પહોંચી છે. ખેડૂત વર્ગમાં પાક સલામતીને લઈ ચિંતાનો માહોલ છવાયો છે , તો લોકોમાં બીમારીનું પ્રમાણ પણ વધી જવા પામ્યું છે. બાળકો ઉપર વિષમ હવામાનની સ્થિ તી ભારે અસર કરી રહી છે. બાળકોમાં શરદી, તાવ, ઠંડી લાગવા જેવી બીમારી જોવા મળી રહી છે..

દરમિયાન, આજે અબડાસા, લખપત, નખત્રાણા, માંડવી, ભુજ, અંજાર, ભચાઉ અને રાપર તાલુકામાં હળવાથી ભારે વરસાદી ઝાપટા વરસી પડતા રસ્તા પરથી પાણી વહી નીકળ્યા હતા..

કમોસમી વરસાદના પગલે શાકભાજીના વાવેતર ને આડઅસર થઈ છે . જે ટામેટા સહિતના પાકમાં ભાવ વધારા માટે નિમિત્ત બની શકે છે. આ સિવાય મગફળીના તૈયાર પાકમાં અને કપાસ, તલી, મગ, મઠ, અને ગુવારમાં પણ મોટી નુકસાની ખેડૂતો સેવી રહ્યા છે.

- (NP, નેહલ ઠક્કર)

---